Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :35• Date : 19-12-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

# પ્રધાનમંત્રીએ રાજસ્થાનમાં રૂ. ૪૬,૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં ઊર્જા, માર્ગ, રેલવે અને જળ સાથે સંબંધિત ૨૪ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું

(પીઆઈબી દ્વારા)

જયપુર

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે 'એક વર્ષ-પરિણામ ઉત્કર્ષ': રાજસ્થાન રાજ્ય સરકારના એક વર્ષ પૂર્ણ થવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે રાજસ્થાનની સરકાર અને રાજસ્થાનની જનતાને રાજ્ય સરકારનું એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમમાં એકઠા થયેલા લાખો લોકોના આશીર્વાદ લેવા માટે તેઓ ભાગ્યશાળી છે. શ્રી મોદીએ રાજસ્થાનનાં મુખ્યમંત્રી અને તેમની ટીમને રાજસ્થાનનાં વિકાસલક્ષી કાર્યોને નવી દિશા અને ગતિ આપવા માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે, પ્રથમ વર્ષ વિકાસના આગામી ઘણા વર્ષો માટે એક મજબૂત પાયા તરીકે સેવા આપી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આજનો કાર્યક્રમ માત્ર સરકારનાં એક વર્ષને પૂર્ણ થવાને ચિહ્નિત કરતો નથી, પણ રાજસ્થાનનાં પ્રકાશિત તેજસ્વીતા અને રાજસ્થાનનાં વિકાસનાં ઉત્સવનું પ્રતીક પણ છે. તાજેતરમાં રાઈઝિંગ રાજસ્થાન સમિટ ૨૦૨૪ની પોતાની મુલાકાતને યાદ કરીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ઘણાં રોકાણકારો ઉપસ્થિત રહ્યાં હતાં અને આજે રૂ. ૪૫,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન થયું છે. તેમણે ઉમેર્યું હતું કે, આ વિવિધ પ્રોજેક્ટ રાજસ્થાનમાં પાણીનાં સંબંધમાં આવી રહેલાં અવરોધોનું યોગ્ય સમાધાન પ્રદાન કરશે તથા રાજસ્થાનને પણ ભારતનાં સૌથી વધુ સારી રીતે જોડાયેલાં રાજ્યોમાંનું એક બનાવશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આ વિકાસલક્ષી કાર્યો વધારે રોકાણકારોને આમંત્રણ આપશે, રોજગારીની અનેક તકોનું સર્જન કરશે, પ્રવાસન ક્ષેત્રને મજબૂત કરશે તેમજ રાજસ્થાનનાં ખેડૂતો, મહિલાઓ અને યુવાનોને લાભ આપશે.



શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "કેન્દ્ર અને રાજ્ય સરકારો આજે સુશાસનનું પ્રતીક બની રહી છે." તેમણે ઉમેર્યું હતું કે, તેમની સરકાર તેમનાં દ્વારા હાથ ધરવામાં આવેલા ઠરાવોની સિદ્ધિ સુનિશ્ચિત કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે લોકોનો મત એવો હતો કે તેમની પાર્ટી સુશાસનની ગેરંટીનું પ્રતીક છે અને આ જ કારણ છે કે આટલા રાજ્યોમાં જનતાનો સાથ મળ્યો છે. ભારતની જનતાનો સતત ત્રીજી વખત તેમની સેવા કરવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લાં ૬૦ વર્ષમાં સતત ત્રણ વખત એક જ પક્ષ દ્વારા કેન્દ્ર સરકાર રચવાની આવી કોઈ અગ્રતા નથી. શ્રી મોદીએ મહારાષ્ટ્ર અને હરિયાણામાં સતત બે વખત તેમને ચૂંટી કાઢવા અને સમર્થન આપવા બદલ લોકોનો આભાર માન્યો હતો અને તેનાથી તેમનામાં લોકોનો વિશ્વાસ પ્રદર્શિત થયો હતો. ભૈરોસિંહ શેખાવતના નેતૃત્વમાં રાજસ્થાનની અગાઉની સરકારોનો વિકાસનો મજબૂત પાયો નાંખવા બદલ અને સુશાસનની વિરાસતને આગળ ધપાવવા બદલ શ્રીમતી વસુંધરા રાજે સિંધિયાનો આભાર માનતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, શ્રી ભજનલાલ શર્માની વર્તમાન સરકાર હવે સુશાસનના વારસાને વધુ મજબૂત કરવા સક્રિયપણે પ્રયાસો કરી રહી છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા એક વર્ષમાં હાથ ધરવામાં આવેલા કામો તેની છાપ દર્શાવે છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, છેલ્લાં એક વર્ષમાં હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ અને કામગીરી પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. શ્રી મોદીએ કહ્યું હતું કે, ગરીબ પરિવારો, મહિલાઓ, મજૂરો, વિશ્વકર્મા અને વિચરતી જાતિઓનાં વિકાસ માટે ઘણાં નિર્ણયો લેવામાં આવ્યાં છે. અગાઉની સરકારની ઓળખ સ્વરૂપે પેપર લીક, રોજગારી કૌભાંડો જેવી બિમારીઓ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, યુવાનોએ સહન કર્યું છે અને હવે આ મુદ્દાઓને દૂર કરવાની પ્રક્રિયા વર્તમાન સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજસ્થાનની વર્તમાન સરકારે પણ છેલ્લાં એક વર્ષમાં રોજગારીની હજારો તકોનું સર્જન કર્યું છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે, નોકરીની પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે લેવામાં આવી રહી છે તેમજ નિમણૂકો પણ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, અગાઉની સરકારો દરમિયાન અન્ય રાજ્યોની સરખામણીએ રાજસ્થાનનાં લોકોને પેટ્રોલ અને ડિઝલ માટે વધારે કિંમત ચૂકવવી પડતી હતી. તેમણે ઉમેર્યું હતું કે, હવે વર્તમાન સરકારનાં શાસનમાં લોકોને પેટ્રોલ અને ડિઝલની કિંમતોની દ્રષ્ટિએ રાહત મળી છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના મારફતે ખેડૂતોનાં બેંક ખાતાઓમાં સીધા નાણાં જમા કરે છે અને રાજસ્થાન રાજ્ય સરકાર ખેડૂતોને સહાય કરવા માટે વધારાનું ભંડોળ ઉમેરે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યની સરકારો પોતાનાં વચનોને ઝડપથી પૂર્ણ કરીને જમીન પર માળખાગત પ્રોજેક્ટ્સનો ઝડપથી અમલ કરી રહી છે અને આજનો કાર્યક્રમ આ કટિબદ્ધતાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

શ્રી મોદીએ નોંધ્યું હતું કે, રાજસ્થાનનાં લોકોનાં આશીર્વાદ સાથે તેમની સરકાર છેલ્લાં ૧૦ વર્ષથી કેન્દ્રમાં સત્તા પર છે. તેમણે જણાવ્યું હતું કે, આ ૧૦ વર્ષ દરમિયાન તેમણે લોકોને સુવિધાઓ પ્રદાન કરવા અને તેમની મુશ્કેલીઓ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, તેમણે આઝાદી પછી ૫-૬ દાયકામાં અગાઉની સરકારોની સરખામણીમાં ૧૦ વર્ષમાં વધારે સફળતા હાંસલ કરી છે. રાજસ્થાનમાં જ્યાં ઘણાં વિસ્તારોમાં ભયંકર દુષ્કાળ પડે છે, જ્યારે અન્ય વિસ્તારોમાં નદીનું પાણી વપરાયા વિના દરિયામાં વહી જાય છે, ત્યાં પાણીના મહત્ત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, શ્રી અટલબિહારી વાજપેયીએ આ સમસ્યાનું સમાધાન કરવા નદીઓને જોડવાની કલ્પના કરી હતી અને તેના માટે એક વિશેષ સમિતિની રચના કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેનો ઉદ્દેશ નદીઓમાંથી વધારે પાણીને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખસેડવાનો છે, જે પૂર અને દુષ્કાળની સમસ્યાઓનું સમાધાન કરશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સુપ્રીમ કોર્ટે પણ આ વિઝનને ટેકો આપ્યો હતો, પરંતુ અગાઉની સરકારોએ ક્યારેય પાણીના પ્રશ્નોને દૂર કરવાનું લક્ષ્ય રાખ્યું ન હતું અને તેના બદલે રાજ્યો વચ્ચેના પાણીના વિવાદોને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ નીતિને કારણે રાજસ્થાનને મોટું નુકસાન થયું છે, જે મહિલાઓ અને ખેડૂતોને અસર કરે છે. પ્રધાનમંત્રીએ ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે ગુજરાત અને રાજસ્થાનનાં વિવિધ વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચાડવાનાં તેમનાં પ્રયાસોને યાદ કર્યા હતાં, તેમ છતાં સરકારે નર્મદાનાં નીરને અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમનાં સતત પ્રયાસોથી રાજસ્થાનને લાભ થયો છે તથા શ્રી ભૈરોસિંહ શેખાવત અને શ્રી જસવંત સિંહ જેવા વરિષ્ઠ નેતાઓએ આ પ્રયાસોની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ જલોર, બાડમેર, ચુરુ, ઝુંઝુનુ, જોધપુર, નાગૌર અને હનુમાનગઢ જેવા જિલ્લાઓને હવે નર્મદાનું પાણી મળી રહ્યું છે એ બાબતે ખુશી વ્યક્ત કરી હતી. ઈસ્ટર્ન રાજસ્થાન કેનાલ પ્રોજેક્ટ (ઈઆરસીપી)માં થઈ રહેલા વિલંબનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર વિરોધ અને અવરોધોની સામે સહકાર અને સમાધાનોમાં માને છે. તેમણે ઉમેર્યું કે તેમની સરકારે ઈઆરસીપીને મંજૂરી અને વિસ્તૃત કર્યું છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં તેમની સરકાર બનતાંની સાથે જ પરબતી-કાલિસિંધ-ચંબલ લિંક પ્રોજેક્ટ પર સમજૂતી થઈ હતી, જે ચંબલ નદી અને તેની સહાયક નદીઓને એકબીજા સાથે જોડશે, જેમાં પરબતી, કાલીસિંધ, કુનો, બનાસ, બનાસ, રૂપારેલ, ગંભીરી અને મેજ નદીઓ સામેલ છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, તેઓ એવા દિવસની કલ્પના કરે છે, જ્યારે રાજસ્થાનને પાણીની તંગીનો સામનો કરવો નહીં પડે અને વિકાસ માટે પર્યાપ્ત પાણી હશે. પરબતી-કાલીસિંધ-ચંબલ પરિયોજનાના ફાયદાઓ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું હતું કે, તેનાથી રાજસ્થાનનાં ૨૧ જિલ્લાઓને સિંચાઈ અને પીવાનું પાણી ઉપલબ્ધ થશે, ત્યારે રાજસ્થાન અને મધ્યપ્રદેશ બંનેનાં વિકાસને વેગ મળશે.

આજે ઈસારદા લિંક પ્રોજેક્ટનો શિલાન્યાસ થયો હોવાનું જણાવતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, તાજેવાલાથી શેખાવતી સુધી પાણી લાવવા માટે પણ સમજૂતી થઈ હતી, જેનો લાભ હરિયાણા અને રાજસ્થાન એમ બંનેને થશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ટૂંક સમયમાં રાજસ્થાનમાં ૧૦૦ ટકા ઘરોમાં નળનું પાણી ઉપલબ્ધ થશે. પ્રધાનમંત્રીએ "૨૧મી સદીના ભારત માટે મહિલાઓનું સશક્તિકરણ મહત્ત્વપૂર્ણ છે" એ બાબતનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, સ્વસહાય જૂથની ચળવળમાં મહિલાઓની તાકાત સ્પષ્ટ જોવા મળી હતી, જેમાં છેલ્લાં એક દાયકામાં રાજસ્થાનની લાખો મહિલાઓ સહિત સમગ્ર દેશમાં ૧૦ કરોડ મહિલાઓ આ જૂથોમાં સામેલ થઈ છે.

## તંત્રીની કલમે................

# નક્સલીઓ પર લગામ

છત્તીસગઢમાં નક્સલી સંગઠનોના ગઢમાં જઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરતાં જે કહ્યું કે તેમની સમક્ષ એના સિવાય બીજો કોઈ ઉપાય નથી, તે કહેવુ એટલા માટે જરૂરી હતું, કારણ કે નક્સલી હજુ પણ મુખ્યધારામાં પાછા વળવા તૈયાર દેખાતા નથી. આ સ્થિતિમાં એ જ યોગ્ય રહેશે કે તેમના આત્મસમર્પણનો રસ્તો ખુલ્લો રાખવાની સાથે જ તેમના પર સતત દબાણ પણ બનાવવામાં આવે. તેમની સામે એ વાંરવાર સ્પષ્ટ કરવું પડશે કે તેઓ બંદૂકના જોરે સત્તા અને વ્યવસ્થા પરિવર્તનનું જે સપનું જોઈ રહ્યા છે તે ક્યારેય પૂરું થવાનું નથ. કેન્દ્રીય ગૃહમંત્રી છેલ્લા કેટલાક સમયથી એ દોહરાવી રહ્યા છે કે કેન્દ્ર સરકાર માર્ચ ૨૦૨૬ સુધી નક્સલવાદની સમસ્યાને સંપૂર્ણપણે ખતમ કરી દેશે. આ લ-યને પામવા માટે જ્યાં એ જરૂરી છે કે નક્સલ પ્રભાવિત રાજ્યોની સરકારો કેન્દ્ર સરકારનો પૂરતો સહયોગ કરે, ત્યાં જ નક્સલીઓના પ્રભાવવાળા વિસ્તારોમાં વિકાસ અને જનકલ્યાણની યોજનાઓ ઝડપથી આગળ વધારવામાં આવે. એવું એટલા માટે કરવું જોઈએ, જેથી નક્સલી સંગઠન અને તેના વૈચારિક સમર્થક કહેવાતા તત્ત્વો એટલે કે અર્બન નક્સલો એવો દુષ્પ્રચાર ન કરવા પામે કે દૂરસ્થ વિસ્તારોમાં શાસન વિકાસ પર ધ્યાન નથી આપતું. જોકે આ દુષ્પ્રચારની પોલ ખૂલી જ ગઈ છે અને એ સાબિત થઈ ચૂક્યુ છે કે નક્સલી જ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ કાર્યોમાં રોડાં બન્યા છે.

એ બધા જાણે છે કે નક્સલી કઈ રીતે પોતાના વિસ્તારોમાં સડકો નથી બનવા દેતા અને સ્કૂલો તથા હોસ્પિટલોના નિર્માણમાં રોડાં નાખે છે. તેમની આવી હરકતોને કારણે તેનો પર્દાફાશ થઈ ચૂક્યો છે કે તેઓ નિર્ધન વર્ગોના હિતોની લડાઈ લડી રહ્યા છે. વાસ્તવમાં તેઓ આ વર્ગોના હિતોની રક્ષામાં સૌથી વધુ અડચણ બનીને આવે છે અને એટલે જ તેમનો પ્રભાવ ઓછો થતો જાય છે. એ ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં નક્સલ પ્રભાવિત જિલ્લાની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૯માં નક્સલી હિંસાથી પ્રભાવિત જિલ્લાની સંખ્યા ૯૦ હતી. હવે આ સંખ્યા ૪૦થી પણ ઓછી રહી ગઈ છે. આ સંખ્યામાં હજુ વધુ ઘટાડો ત્યારે થશે, જ્યારે નક્સલીઓને લાગશે કે તેમના છૂપાવા માટે કોઈ જગ્યા નથી રહી. કદાચ ત્યારે જ તેઓ પોતાના નિરર્થક સંઘર્ષને વિરામ આપવા માટે તૈયાર થશે. જ્યાં સુધી તેઓ એવું નહીં કરે, ત્યાં સુધી તેમના વિરુદ્ધ કઠોરતાનો પરિચય આપવામાં સંકોચ ન કરવો જોઈએ. એટલા માટે કે કારણ કે તેઓ જ્યારે-ત્યારે સુરક્ષા દળોને નિશાનો બનાવતા રહે છે. એ સાચું કે નક્સલીઓની તાકાત ઓછી થઈ છે, પરંતુ તેમના વિરુદ્ધ અભિયાન એટલા માટે ચાલુ રહેવું જોઈએ, જેથી તે નવેસરથી ખુદને સંગઠિત ન કરી શકે. નક્સલીઓ વિરુદ્ધ ચાલતા અભિયાન અંતર્ગત એ અવશ્ય જોવું જોઈએ કે તેમના સુધી આધુનિક હથિયારો કઈ રીતે પહોંચી રહ્યા છે.

# વડાપ્રધાન મોદીના વિઝન અનુરૂપ ફ્યૂચરિસ્ટીક ડેવલપમેન્ટના સેક્ટર્સમાં ગુજરાતને લીડર બનાવવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી

**(ગાંધીનગર માહિતી બ્યુરો)**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુરૂપ ફ્યૂચરિસ્ટીક ડેવલપમેન્ટ સેક્ટર્સમાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રિન્યુએબલ એનર્જી પોલિસી, ગ્રીન હાઈડ્રોજન પોલિસી જેવી પોલિસીઝના અમલથી ગ્રીન ફ્યુચર માટે ગુજરાત પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મુંબઈમાં વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમ આયોજિત વાર્ષિક સભામાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા હતા.




આ ત્રિદિવસીય ફોરમમાં વિશ્વના અંદાજે ૪૦ દેશોના ૧૦૦૦થી વધુ હિન્દુ બિઝનેસ એન્ટરપ્રિનીયોર્સ સહભાગી થયા હતા. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિએ આયોજિત આ ફોરમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર સાહેબને વિનમ્ર ભાવાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ દેશની આઝાદી પછી અર્થવ્યવસ્થાને પારદર્શી અને આત્મનિર્ભર બનાવવામાં સરદાર સાહેબે આપેલા વિચારોનો આ તકે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યુ કે, ગ્લોબલ ટેન્ડરીંગનો વિચાર ૧૦૦ વર્ષ પહેલા ૧૯૨૫માં સરદાર પટેલે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં આપ્યો હતો. એટલું જ નહિ સહકારિતાના વિઝન સાથે તેમણે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની પ્રેરણા આપીને દૂધ ઉત્પાદકોને શોષણથી બચાવી આત્મનિર્ભર બનાવ્યા.

સરદાર સાહેબના આવા આત્મનિર્ભરતા અને પારદર્શિતાના વિચારોને વધુ મજબૂત કરવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. તેમના નેતૃત્વમાં પાછલા દશકમાં દેશની અર્થવ્યવસ્થાનું કદ લગભગ બમણું થઈ ગયુ છે અને ભારત વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. હવે તેમની વિઝનરી લીડરશીપમાં ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ દેશ ઝડપથી આગળ વધ્યો છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

ઈન્ડસ્ટ્રીયલ પાવર હાઉસ ડ્રાઈવીંગ ઈકોનોમીક ગ્રોથ વિષયક મનનીય વકતવ્યમાં ગુજરાતે વડાપ્રધાનશ્રીના દિશા નિર્દેશનમાં કરેલા વૈશ્વિક વિકાસની ગ્રોથ જર્નીની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતને અઢી દાયકા જેટલા સમયથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝનનો લાભ મળ્યો છે. આના પરિણામે ઈન્ડ્રસ્ટીયલ પ્રોડકશનમાં ૧૬ ટકા અને **G.D.P.**માં ૮ ટકાથી વધુ તેમજ નિકાસમાં ૩૦ ટકા જેટલા યોગદાનથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર હાઉસ તરીકે પ્રસ્થાપિત થયુ છે. મુખ્યમંત્રીશ્રીએ ઈમર્જિંગ સેક્ટર્સમાં પણ ગુજરાત લીડ લેવા સજ્જ છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, રાજ્યમાં ત્રણ સેમીકન્ડક્ટર્સ પ્લાન્ટ કાર્યરત થવામાં છે. દેશની પહેલી મેઈક ઈન ઈન્ડીયા સેમીકન્ડકટર ચીપનું નિર્માણ પણ ગુજરાતમાં થશે એમ તેમણે દ્દઢતાપૂર્વક ઉમેર્યુ હતું. ધોલેરા **SIR** વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર અને લોજીસ્ટિક્સ ફેસીલિટીઝને કારણે સેમીકન્ડકટર્સ તેમજ ડિફેન્સ એન્ડ એરોસ્પેસ મેન્યુફેક્ચરીંગ સહિતના વિવિધ પ્રકારના ક્ષેત્રો માટે બેસ્ટ ચોઈસ ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યુ છે તેનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવ સહ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વિકસીત ભારત@ ૨૦૪૭ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને પાર પાડવામાં વિકસીત ગુજરાતથી અગ્રેસર રહેવા વિકસીત ગુજરાત@ ૨૦૪૭ વિઝન રોડ મેપ તૈયાર કર્યો છે, તેમ પણ ઉમેર્યુ હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે 'થિંક ઈન ફ્યુચર-થિંક ફોર ફ્યુચર'ની થીમ સાથે યોજાઈ રહેલી વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમ-૨૦૨૪ ઉભરતા સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકો માટે માર્ગદર્શન અને નેટવર્કિંગ પ્લેટફોર્મ પુરુ પાડે છે તેની પ્રશંસા કરી હતી. તેમણે આ ફોરમમાં સહભાગી થઈ રહેલા ઉદ્યોગ, વેપાર, અર્થતંત્ર વગેરે ક્ષેત્રોના યુવાઓ અને ઉદ્યોગ સાહસિકોને ગુજરાતમાં રહેલી વિકાસની વિપુલ તકોનો લાભ લેવા ગુજરાતમાં રોકાણો, ઉદ્યોગો માટે આવવા આમંત્રણ પાઠવ્યુ હતું. ફોરમના ચેરમેન સ્વામી વિજ્ઞાનાનંદજીએ સરદાર સાહેબને ભાવાંજલિ આપવા સાથે તેમના વિચારોની આજના પરિપ્રેક્ષ્યમાં પ્રાસંગિકતા વર્ણવી હતી.

તેમણે આ વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમ ઉદ્યોગ, વ્યવસાય, વેપાર, બેંકિંગ, રોકાણોના ક્ષેત્રોના તેમજ વિવિધ પ્રોફેશનલ ટેકનોક્રેટ્સ, થિંકર્સ વચ્ચેના વૈચારિક આદાન-પ્રદાનમાં જે ભૂમિકા નિભાવે છે તેની પણ છણાવટ કરી હતી.

## ભાજપના પાંચ ઉમદવારોની કારમી હાર

# ઊંઝા APMCની ચૂંટણીમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલ પેનલનો વિજય

પ્રતિનિધિ દ્વારા
ઊંઝા

ઊંઝા **APMC**ની ચૂંટણીમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલે તેનો દબદબો જાળવી રાખ્યો છે. જ્યારે ભાજપના મેન્ડેટ આપેલા ઉમેદવારોની કારમી હાર થઈ છે. ખેડૂત વિભાગના ભાજપના ૫ ઉમેદવારોની કારમી હાર થઈ છે.

વેપારી વિભાગમાં પણ ભાજપના મેન્ડેટવાળા ૩ ઉમેદવારની હાર થઈ છે. આ સાથે કોંગ્રેસ સાથે સંકળાયેલા નરેન્દ્ર પટેલનો વિજય થયો છે.

અપક્ષ ઉમેદવાર જયંતી પટેલનો વિજય થયો છે. ભાજપના મેન્ડેટવાળા વિષ્ણુ પટેલનો વિજય થયો છે. અપક્ષ સાથે સંકળાયેલા અમૃત પટેલનો વિજય થયો છે.

આ ચૂંટણીમાં ૧૪ બેઠકો માટે કૂલ ૩૬ ઉમેદવારો મેદાને હતા અને ૯૮ ટકા બમ્પર મતદાન થયુ હતુ. જેમ ભાજપે ખેડૂત વિભાગ માટે ૧૦ અને વેપારી વિભાગ માટે ૪ ઉમેદવારને મેન્ડેટ આપ્યુ હતુ. જે પૈકી ભાજપના ૫ ઉમેદવારોની હાર થઈ છે. સવારે ૯ વાગ્યાથી હાથ ધરાયેલી મતગણતરીમાં ખેડૂત વિભાગની પેનલમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલનો દબદબો જોવા મળ્યો. તેમની પેનલના મોટાભાગના ઉમેદવારોનો આ ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે.

આપને જણાવી દઈએ કે ઊંઝા **APMC**ની ચૂંટણીમાં ભાજપના જ બે જૂથો હતા. જેમા પૂર્વ ચેરમેન દિનેશ પટેલ અને વર્તમાન ધારાસભ્ય કિરીટ પટેલની સામસામે હતી.

જો કે આજે મતગણતરીના અંતે કિરીટ પટેલની પેનલની ભૂંડી હાર થતી જોવા મળી.

આ ચૂંટણીમાં ઊંઝા શહેર ભાજપ મહામંત્રી ડી.જે પટેલ પણ મેન્ડેટ આપ્યુ ન હોવા છતા ઉમેદવારી નોંધાવી હતી અને છેલ્લે સુધી ઉમેદવારી પરત ન લેતા ભાજપ દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# કોરોના બાદ ઓસ્ટ્રેલિયા જતાં લોકોની સંખ્યામાં ઘટાડો

એજન્સી દ્વારા

કેનબરા

ઓસ્ટ્રેલિયામાં ફાઈનાન્શિયલ યર ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન સૌથી વધુ માઈગ્રન્ટ્સ જો આવ્યા હોય તો એ ભારતથી આવ્યા છે. આ વર્ષે કુલ ૮૭ હજાર ભારતીયોએ ઓસ્ટ્રેલિયામાં એન્ટ્રી લીધી હતી. કોરોના મહામારી પછી ઓસ્ટ્રેલિયા જતા લોકોની સંખ્યામાં મોટો ઘટાડો પણ જોવા મળ્યો છે.



વર્ષ ૨૦૨૨માં કોવિડ એરા બોર્ડર રિસ્ટ્રિક્શન્સ દૂર કર્યા પછી પહેલાની તુલના કરતા ઓછા લોકો ત્યાં એન્ટ્રી કરી રહ્યા છે. હવે સૌથી વધુ આની અસર ત્યાંની એજ્યુકેશન સિસ્ટમ પર પડી છે. કારણ કે પહેલાની તુલનામાં ત્યાં અભ્યાસ કરવા જતા ભારતીય વિદ્યાર્થિની સાથે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ તમામ ડેટા ઓસ્ટ્રેલિયા બ્યૂરો ઓફ સ્ટેટેસ્ટિક્સે બહાર પાડ્યા છે.

૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં નેટ ઓવરસીઝ માઈગ્રેશન ઘટીને ૪ લાખ ૪૬ હજાર સુધી આવી ગયું હતું. આ ગત વર્ષના આંકડાઓ કરતા ૧૭ ટકા ઓછું હતું. ગત વર્ષે આ ૫ લાખ ૩૬ હજાર આસપાસ હતું. આ ડેટા સેટ પરથી ઓસ્ટ્રેલિયામાં ઈન્ટરનેશનલ માઈગ્રેશનની પોપ્યુલેશનમાં ઘટાડો થયો કે વધારો થયો એ જાણી શકાય છે. અગાઉના વર્ષોના ડેટાની તુલના કરીએ તો મોટાભાગે ઓસ્ટ્રેલિયામાં માઈગ્રેટ થતા લોકોની સંખ્યા ત્યાંથી બીજે શિફ્ટ થતા લોકોની સંખ્યા કરતા વધારે જ જોવા મળે છે. જોકે પેન્ડેમિકના કારણે આ બધા ડેટા પર થોડી ઘણી અસર જોવા મળી હતી. ફિસ્કલ યર ૨૦૨૩ - ૨૦૨૪ ઓવરસીઝ માઈગ્રેશનમાં ઘટાડાનો આંક સૂચવે છે. માઈગ્રન્ટ અરાઈવલ, લાર્જલી ટેમ્પરરી વિઝા હોલ્ડર્સની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ડિપાર્ચર આ જ સમયગાળામાં વધ્યા છે.જોકે તેમ છતાં સૌથી વધુ માઈગ્રન્ટ્સ ભારતથી આવ્યા છે. આ વર્ષે જૂન ૨૦૨૪ના અંત સુધીમાં ૮૭,૬૦૦ ભારતીયો ઓસ્ટ્રેલિયામાં આવ્યા હતા જે ગત વર્ષના આંકડા કરતા ૧૯ ટકા ઓછા પ્રમાણમાં હતા. ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૧ લાખ ૮ હજાર માઈગ્રન્ટ ભારતથી ઓસ્ટ્રેલિયા આવ્યા હતા.ગ્લોબલી તમામ દેશોની વાત કરીએ તો બીજા સૌથી વધુ માઈગ્રન્ટ્સ ચીનથી ઓસ્ટ્રેલિયા આવ્યા હતા. ફાઈનાન્શિયલ યર ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન ૭૫,૮૩૦ ચીનના માઈગ્રન્ટ્સ ઓસ્ટ્રેલિયા આવ્યા હતા. જોકે ગત વર્ષની તુલનામાં આ વર્ષે ત્યાં ચીનથી આવતા માઈગ્રન્ટ્સની સંખ્યામાં ૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે નેટ માઈગ્રેશન સ્ટેટેસ્ટિક્સ જોઈએ તો તે ફિસ્કલ યર ૨૦૨૩-૨૦૨૪નું ૪૯,૭૨૦ રહ્યું હતું. ગત વર્ષની તુલનામાં આમાં ઘટાડો જોવા મળ્યો છે.હવે તમામ દેશોના ડેટાને એડઓન કરીને જોઈએ તો ઓસ્ટ્રેલિયામાં આવતા માઈગ્રન્ટ્સની સંખ્યામાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન કુલ ૬ લાખ ૬૭ હજાર માઈગ્રન્ટ્સ આવ્યા હતા. જો આની તુલના અગાઉના વર્ષ સાથે કરીએ તો વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન કુલ ૭ લાખ ૩૯ હજાર માઈગ્રન્ટ્સ ઓસ્ટ્રેલિયામાં આવ્યા હતા. ૩૦ જૂન ૨૦૨૪ સુધી માઈગ્રન્ટ્સના ડિપાર્ચરમાં ૮ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. આ વર્ષે ટાઈમ લાઈન પ્રમાણે જોઈએ તો ૨ લાખ ૨૧ હજાર માઈગ્રન્ટ્સ ડિપાર્ટ થયા હતા, જ્યારે ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૨ લાખ ૪ હજાર માઈગ્રન્ટ્સ ડિપાર્ચર્સ થયા હતા.આ વર્ષના ડેટા પર નજર કરીએ તો કુલ ૨ લાખ ૭ હજાર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ઓસ્ટ્રેલિયામાં આવ્યા હતા. જેની તુલના જો ગત વર્ષ સાથે કરીએ તો એમાં ૨૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગત વર્ષે આ ટાઈમ લાઈનમાં ૨ લાખ ૭૮ હજાર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ઓસ્ટ્રેલિયા અભ્યાસ કરવા માટે ગયા હતા. એટલે કે કુલ ૨૬ ટકા સ્ટુડન્ટ્સની સંખ્યા ઘટી ગઈ હતી.

આ ઘટાડા પર ઈમિગ્રેશન એક્સપર્ટ્સે કહ્યું કે હાયર વિઝા ફી, હાયર કોસ્ટ ઓફ લિવિંગને લીધે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.જોકે આ ડેટા વધારે વિગતે નથી દર્શાવતા કે કયા દેશથી કેટલા ટકા સ્ટુડન્ટ્સ ઓછા આવ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના આંકડા પર નજર કરીએ તો જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૪ વચ્ચે ૮ લાખ ૩ હજાર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ત્યાં હતા. જે છેલ્લા બે કે તેથી વધુ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં હતા. આમ જોવા જઈએ તો ઘણા સ્ટુડન્ટ્સ ૨૦૨૧ ટાઈમ લાઈનના પણ હજુ ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરી રહ્યા હોય તેવા કિસ્સાઓ પણ હતા. આમાંથી અત્યારે ૧ લાખ ૩૩ હજાર સ્ટુડન્ટ્સ ભારતથી આવ્યા છે. જ્યારે ઓસ્ટ્રેલિયામાં ચીનના ૧ લાખ ૭૪ હજાર સ્ટુડન્ટ્સ છે. જોકે નવું બિલ આવવાની સાથે ઓસ્ટ્રેલિયાની એજ્યુકેશન હબ તરીકેની ઈમેજ પર અસર પડી છે, જેના લીધે ત્યાં આવતા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં સમયાંતરે ઘટાડો જોવા મળી રહ્યો છે.

# પિતરાઈ ભાઈના પ્રેમમાં અંધ પત્નીએ પતિની હત્યા કરાવી

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

પિતરાઈ ભાઈના પ્રેમમાં અંધ પત્નીએ આણાના દિવસે જ પતિની હત્યા કરાવી હોવાના બનાવે અરેરાટી સાથે ફિટકારની લાગણી પ્રસરાવી છે. અમદાવાદના રાયપુરનો યુવાન પત્નીને તેડવા સાસરીમાં કોટેશ્વર જતો હતો ત્યારે પત્નીના પ્રેમી અને તેના સાગરીતોએ રસ્તામાં આંતરી મોતને ઘાટ ઉતારી લાશ કેનાલમાં ફેંકી દીધી હતી. આ પ્રિપ્લાન મર્ડર અંગે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી પત્ની અને તેના પ્રેમી સહિત ચાર જણાને અટકાયતમાં લઈ મૃતકની લાશ શોધવા કેનાલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.રાયપુરમાં ચુનારાવાસમાં રહેતા રિક્ષા ડ્રાઈવર કનૈયાલાલ ચુનારાનાં પરિવારમાં ત્રણ સંતાનો પૈકી મોટા દીકરા ભાવિક (ઉં. ૨૪)ના લગ્ન તા. ૧૦ ડિસેમ્બરે ગાંધીનગરના કોટેશ્વર ગામે રહેતા સુરેશભાઈ પૂંજાભાઈ દંતાણીની દીકરી પાયલ સાથે સામાજિક રીતરિવાજ પ્રમાણે થયા હતા. લગ્નના બીજા દિવસે પાયલને પિયરમાંથી સામાજિક રિવાજ મુજબ તેડી ગયા હતા.

ગઈકાલે શુક્રવારે ભાવિક પત્ની પાયલનું આણું કરી તેડી લાવવાની હોવાથી સવારે ઘરેથી એક્ટિવા લઈને કોટેશ્વર જવા નીકળ્યો હતો. દરમિયાન, ભાવિકનાં સસરા સુરેશભાઈએ ભાવિક તેડવા માટે હજુ પહોંચ્યો ન હોવાની વાત કનૈયાલાલને કરતા તેમણે ભાવિકને ઘણા ફોન કર્યા પણ ફોન બંધ આવતો હતો.

ચિંતાગ્રસ્ત કનૈયાલાલ તેમના મિત્ર રાજનભાઈ સાથે ભાવિકને શોધવા ગાંધીનગર જતા હતા ત્યારે ભાવિકના સસરાએ ફોન કરી એક્ટિવા રસ્તા ઉપર પડ્યુ હોવાની જાણ કરી હતી. ત્યાં જઈ કનૈયાલાલે તપાસ કરતા એક વ્યક્તિએ કહ્યુ કે, એક્ટિવાવાળા ભાઈને કાર સાથે ટક્કર થતા ત્રણ જણા નીચે ઉતરી એક્ટિવાવાળા ભાઈને તેમની કારમાં લઈ જતા હતા.કનૈયાલાલે સિવિલ હોસ્પિટલ સહિત ઘણા સ્થળે તપાસ કરવા છતાં ભાવિકનો કયાંય પતો ન લાગતા કનૈયાલાલે પત્ની અને મિત્ર રાજનભાઈ વેવાઈનાં ઘરે કોટેશ્વર જઈ પુત્રવધૂ પાયલની પૂછપરછ કરતાં તે ગલ્લાતલ્લાં કરવા લાગી હતી. વધુ પૂછતાં પાયલે કબૂલાત કરી હતી કે, ભાવિક તેને પસંદ નથી અને છેલ્લા ચાર વર્ષથી તેના મામાના દીકરા કલ્પેશ મોહનભાઈ ચુનારા (રહે. કુબડથલ ગામ, તા. દસ્ક્રોઈ)ના પ્રેમમાં છે.લગ્ન વખતે જ કલ્પેશને જણાવ્યું હતું કે, આપણે એક થવું હોય તો ભાવિકને વચ્ચેથી કાઢવો પડશે. ભાવિક મને તેડવા આવવાનો હોવાની જાણ આગલા દિવસે પ્રેમી કલ્પેશને ફોન કરી કહ્યુ હતું કે બે-ત્રણ માણસો સાથે લઈ આવીને ભાવિકને પતાવી દેજે. તે પ્લાન મુજબ પ્રેમી કલ્પેશ તેના કૌટુંબિક ભાઈ શૈલેષ કનુભાઈ ચુનારા અને સુનિલ રાજુભાઈ ચુનારા (બન્ને રહે. કુબડથલ) સાથે ઈનોવા કાર લઈ કોટેશ્વર આવતા મેં ભાવિકનું લોકેશન આપ્યું હતું. તે પછી કલ્પેશે ફોન કરીને ભાવિકને ઊઠાવી લીધો હોવાની જાણ કરી હતી, એ પછી કશી ખબર નથી.દરમિયાન, આ અંગે અડાલજના પીઆઈ કે.બી. શાંખલાએ પાયલની અટકાયત કરી અન્યોની શોધખોળ કરતા કલ્પેશ ચુનારા અને તેના બંને પિતરાઈભાઈને પણ રાઉંડ અપ કરતાં ત્રણેયે ભેગા મળી ભાવિકનું અકસ્માતના બહાને અપહરણ કરી કારમાં ગળેટૂંપો આપી મોત નીપજાવી લાશને કરાઈ કેનાલમાંથી ફેંકી દીધી હોવાની કેફિયત વર્ણવી હતી.

# SVPI એરપોર્ટથી ડોમેસ્ટિક ફ્લાઈટનું ટર્મિનલ થયું ચેન્જ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૨૫ ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ હવે ઈન્ટરનેશનલ ટર્મિનલમાં મૂવ થઈ ગઈ છે. ટર્મિનલ-૧થી ટર્મિનલ-૨ના ઓપરેશન ઈમ્પ્રૂવ કરીને પેસેન્જર ટ્રાફિકને મેનેજ કરવા માટે આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એરપોર્ટ અત્યારે ૨૫૦ ફ્લાઈટ મેનેજ કરે છે અને ૩૫ હજાર પેસેન્જર્સની અવર જવર ઓન એન એવરેજ રોજ રહેલી હોય છે. જેમાંથી ટર્મિનલ-૧ પર સૌથી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ આવે છે. જેમાં દૈનિક ૨૨૦ ફ્લાઈટ્સની અવર જવર અને ૨૮ હજાર પેસેન્જર્સની અવર જવર રહેતી હોય છે. આની સાથે ટર્મિનલ-૨ની વાત કરીએ તો અહીં દૈનિક ૩૦ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ આવે છે અને પથી ૬ હજાર પેસેન્જર્સની અવર જવર થતી હોય છે. જેથી એરપોર્ટ પરનો પેસેન્જર ટ્રાફિક શિફ્ટ કરવા માટે આ નિર્ણય લેવાયો છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અકાસા એર અને એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઈટ્સ સૌથી પહેલા શિફ્ટ થશે. ત્યારપછી હાલ જોવા જઈએ તો સ્પાઈસજેટ અગાઉથી જ દિલ્હી, ગોવા અને પટનાની ફ્લાઈટને ટર્મિનલ-૨થી હેન્ડલ કરી રહી છે. ટર્મિનલ-૨ની વાત કરીએ તો એ વિશાળ છે અને ત્યાંનો ચેક-ઈન હોલ પણ મોટો છે તથા પાર્કિંગ સ્પેસ પણ વધુ છે. એટલું જ નહીં અહીં અલગ અલગ ઈમિગ્રેશન કાઉન્ટર પણ હોય છે.આ પ્રમાણેના ફેરફારથી બંને ટર્મિનલ વચ્ચેના લોડને બેલેન્સ કરાશે. જેનાથી પેસેન્જર્સને વધારે હાલાકીનો સામનો નહીં કરવો પડે અને અલગ જ અનુભવ તેમને પ્રદાન થશે. જોકે હજુ એરલાઈનને એક જ ચિંતા સતાવી રહી છે કે તેમને સ્પેસિફિક ટાઈમ લાઈન પ્રમાણે શિફ્ટ કરવું પડશે અને પસેન્જરને ૩૦ દિવસ પહેલા એડવાન્સમાં ટર્મિનલ ચેન્જ અંગે જાણ કરવી જોઈએ.

આ એડવાન્સમાં બુક કરવામાં આવેલી ટિકિટ હોલ્ડર માટે ઘણું સારુ રહેશે.

તમામ ફ્લાઈટ ઓપરેશન સ્મૂથલી હેન્ડલ થશેએરપોર્ટ સોર્સે કહ્યું કે આ એક્સપાન્શનથી ટર્મિનલ-૨ પર તમામ ફ્લાઈટ ઓપરેશન સારી રીતે હેન્ડલ થશે.

### રાજકોટની બે હોસ્પિટલ સસ્પેન્ડ, ભરૂચ અને વડોદરાની હોસ્પિટલ સામે ગેરરીતિ બદલ પેનલ્ટી

# PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ ગત અઠવાડિયામાં બે હોસ્પિટલ સસ્પેન્ડ અને બેને પેનલ્ટી

*(ગાંધીનગર માહિતી બ્યુરો)*
ગાંધીનગર

પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની કોઈપણ હૉસ્પિટલ કે ડૉક્ટરની કામગીરીને સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.

તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્યના આરોગ્ય વિભાગે આ હૉસ્પિટલ્સ અને ડૉક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના દર્દને દૂર કરવા માટેની યોજના છે જેમાં ગેરરીતિ કોઈપણ ભોગે નહીં જ ચલાવી તેમ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું છે. જેના ભાગરૂપે જ આ યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હૉસ્પિટલ્સની કામગીરી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

કોઈપણ દર્દી સાથે અન્યાય ન થાય તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય – મા યોજના અંતર્ગતની **SAFU** (સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હૉસ્પિટલ્સની મુલાકાત કરી હતી જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૪ હૉસ્પિટલમાં ગેરરીતિઓ સામે આવી છે. રાજકોટની ક્રિષ્ના સર્જીકલ હૉસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હૉસ્પિટલને વિવિધ ત્રુટીઓ જણાતાં સસ્પેન્ડ તેમજ ભરૂચની જયાબેન મોદી હૉસ્પિટલ અને વડોદરાની બેક્ર્સ સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં ગેરરીતિ બદલ પેનલ્ટી કરાઈ છે.

રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં ઈનસ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૧૯૬ કેસમાં **USG**(અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી) પ્લેટ અને ૐઈ (હિસ્ટોપેથોલોજીકલ એક્ઝામીનેશન) રીપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી જેના પરિણામે હૉસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને હૉસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હૉસ્પિટલ કાર્યરત હશે તો તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂ.૨,૯૪,૯૦,૦૦૦/- પેનલ્ટી કરવામાં આવેલ છે. ઉક્ત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલીસ્ટ ડૉ.રાજેશ કંડોરીયા (ય- ૨૩૬૪૦)ને યોજનામાંથી બરતરફ કરવામાં આવેલ છે.

રાજકોટની જ ક્રિષ્ના સર્જીકલ હૉસ્પિટલ હૉસ્પિટલનું બી. યુ. સર્ટીફીકેટ અને ફાયર એન.ઓ.સી. **Expired** થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું. તદઉપરાંત હૉસ્પિટલ પાસે છઈઈમ સર્ટીફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પીટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પીટલમાં **ICU** માં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળેલ હતો. ઓટી નોટ અને **Anesthesia** નોટ માં ડોકટર દ્વારા દર્શાવેલ માહિતીમાં વિસંગતા જોવા મળેલ હતી, જે બદલ ક્રિષ્ના સર્જીકલ હૉસ્પિટલ – ઉપલેટા ને યોજના અંતર્ગત ઉક્ત ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. ભરૂચ ખાતેની જયાબેન મોદી હૉસ્પિટલમાં હૉસ્પિટલ તંત્ર દ્વારા ટ્યુમર બોર્ડ સર્ટીફીકેટ (**TBC**)માં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને **TMS** સોફ્ટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું જેના પરિણામે હૉસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ક્ષતિને ધ્યાને લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂ.૩૩,૪૪,૦૩૧/- રકમ રીકવરી કરવામાં આવશે. અને તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી **SGRC**(સ્ટેટ ગ્રિવેન્સ રીડ્રેશલ કમીટિ) માં લેવામાં આવશે. વડોદરા ખાતેની બેક્ર્સ સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં ઓક્રોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાનું ધ્યાને આવ્યું. આ ગેરરીતિ બદલ હૉસ્પિટલના પ્રી-ઓથની કુલ રૂ.૫૭,૫૧,૬૮૯/- રકમ રીકવરી કરવાનું તેની પેનલ્ટી અંગેનો નિર્ણય અગામી સમયમાં થનારી જીયઈઝમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય – મા યોજના અંતર્ગત ગેરરિતીની ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્ય સરકારે યોજના અંતર્ગતની કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસ્ક્યુલર સર્જરી, રેડિયોથેરાપી અને નીઓનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિકા(**SOP**) બનાવી છે જે આવતીકાલે સંભવિતપણે જાહેર કરવામાં આવશે. રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને આ યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મળે એ જ રાજ્ય સરકારનો યોજનાના પ્રારંભથી સંકલ્પ રહ્યો છે. આ યોજનાની આડમાં ગેરરિતી આચરતી હૉસ્પિટ્લસ અને ડૉક્ટરની અમાનવીય પ્રવૃતિને કોઈપણ ભોગે સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.

### *જસદણ ડેપોમાં ફરજ બજાવતા હતા*

# દાહોદમાં ST બસ ડ્રાઈવરનો આપઘાત : પરિવારનો આક્ષેપ ડેપો મેનેજરના ત્રાસથી આપઘાત કર્યો

દાહોદ

ઝાલોદ એસ.ટી. બસ સ્ટેશન ખાતે બનેલી આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે. એક તરફ, એક નિર્દોષ જીવનનો અંત આવ્યો છે અને બીજી તરફ, આ ઘટનાએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે.મૂળ મહેસાણા જિલ્લાના ગજેન્દ્રસિંહ ચાવડા, જે રાજકોટના જસદણ ડેપોમાં ફરજ બજાવતા હતા. તેમણે ઝાલોદ બસ સ્ટેશન ખાતે પહોંચ્યા બાદ બસમાં જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ, ડેપો મેનેજર દ્વારા ગજેન્દ્રસિંહને સતત ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હશે.મૃતકના પરિવારજનોએ ડેપો મેનેજર પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમના મતે, ગજેન્દ્રસિંહને રજાઓ મળતી ન હતી, ડીઝલ મામલે ત્રાસ આપવામાં આવતો હતો અને અનિયમિત કામના કલાકો રાખવામાં આવતા હતા. આ સતત માનસિક તણાવના કારણે જ ગજેન્દ્રસિંહે આ પગલું ભર્યું હશે. બીજી તરફ, ડેપો મેનેજરે આ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમનું કહેવું છે કે ગજેન્દ્રસિંહ સારા કર્મચારી હતા અને તેમને કોઈ ત્રાસ આપવામાં આવ્યો ન હતો.બસના ડ્રાઈવર ગજેન્દ્રસિંહ ચાવડા રેસ્ટ રૂમમાંથી ગયાને અડધો કલાક જેટલો સમય થયો હોવા છતાં પરત ન આવતા કંડક્ટરે શોધખોળ કરી હતી. બસ સ્ટેશનમાં ચારેય તરફ તપાસ કરવા છતાં તેઓ મળ્યા નહોતા, જેથી કંડક્ટરે પાર્ક કરેલી બસમાં તપાસ કરતાં ગજેન્દ્રસિંહ ચાવડાને ગળાફાંસો ખાધેલી હાલત જોતા બૂમાબૂમ કરતા બસ સ્ટેશનના કર્મચારીઓ અને અન્ય બસના ડ્રાઈવરો દોડી આવ્યા હતા.

અને તાત્કાલિક કાપડ કાપી નીચે ઉતારી સીપીઆર આપવાનો પ્રયાસ કર્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા ડોકટરે તપાસ કરીને મૃત જાહેર કર્યા હતા.

ઝાલોદ નાયબ પોલીસ અધીક્ષક ડી.આર.પટેલે જણાવ્યુ હતું કે સમગ્ર ઘટના મામલે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પરિવારજનોનાં નિવેદન લેવાના હજી બાકી છે, નિવેદન લીધા બાદ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# સુરત હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી, નાના ઉદ્યોગકારોએ ઘંટીઓ વેચવા કાઢી

સુરત

સુરતની શાન કહેવાતો હીરા ઉદ્યોગ મંદીને માર હવે ઝેલી શકે તેમ નથી.અનેક કારીગરો બેકાર બન્યા છે. ઘણા રત્નકલાકારોએ સુરત છોડીને ગામડે જતાં રહ્યા છે.હવે તો નાના ઉદ્યોગકારો પણ પડી ભાંગ્યા છે અને હીરાની જે ઘંટીઓ છે તેને વેચવા કાઢી છે.અનેક હીરાની ઘંટીઓ હવે ભંગારમાં વેચાવા લાગી છે.ત્યારે કેવી છે હીરાની આ મંદી? જે સુરતની શાન કહેવાય છે તે હીરા ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી મંદીના વાવળમાં એવો ફસાયો છે કે તે બહાર નીકળી શક્તો જ નથી.કલ્પના ન કરી હોય તેવી આ મંદીથી બહાર કેમ નીકળવું તે નતો રત્નકલાકારને સમજાય છે.નતો ઉદ્યોગકારોને કંઈ સમજાય છે.મંદીને કારણે આર્થિક સ્થિતિ ખરાબ થતાં અનેક રત્નકલાકારો સુરત છોડીને ગામડે જતાં રહ્યા છે.થોડા ઘણાં જે બચ્યા છે તે પણ ગામડે જવાની તૈયારીઓ કરી રહ્યા છે.હવે તો નાના ઉદ્યોગકારો પણ તુટવા લાગ્યા છે.અને એવા તુટવા લાગ્યા છે કે તેમણે હીરાની ઘંટીઓ વેચવા કાઢી દીધી છે.હીરામાં મંદીને કારણે નાના હીરા ઉદ્યોગકારો પાસે યુનિટ ચલાવવાના પૈસા રહ્યા નથી.

મકાનના ભાડા ભરી શકાય તેવી સ્થિતિ રહી નથી.જેના કારણે અનેક ઉદ્યોગકારોએ હીરાની ઘંટીઓ ભંગારમાં આપી છે.અંદાજિત ચાર હજાર જેટલી હીરાની ઘંટીઓ ભંગારમાં આવી છે...કામ ન મળતું હોવાથી નાના ઉદ્યોગકારો હવે હીરાને હંમેશા માટે છોડી અન્ય ધંધામાં શિફ્ટ થઈ રહ્યા છે.

હીરા ઉદ્યોગમાં મંદીથી સ્ક્રેપના ગોડાઉનો ઉભરાવા લાગ્યા છે.ભંગારના ઉદ્યોગમાં જાણે તેજી હોય તેમ લાગી રહ્યું છે.કારણ કે અનેક ઉદ્યોગકારો ઘંટીઓ વેચા રહ્યા છે.ત્યારે મંદીનો આ માર ક્યાં સુધી ઝેલવો પડશે તેનો જવાબ કોઈ આપી શક્તું નથી...સરકારે સુરતની સૂરત કહેવાતા આ ઉદ્યોગને બચાવવા માટે કંઈક કરવું જ પડશે.નહીં તો જે સુરત લઘુ ભારતના દર્શન કરાવતું હતું તે સુરત માત્ર સુરત રહી જશે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL